પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૫/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૧/૨૦૨૧** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૧૫/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૧/૨૦૨૧ દરમ્યાન કમલાબાગ પો.સ્ટે. ના" She " ટીમના કર્મચારીઓ દ્વારા કમલાબાગ પો.સ્ટે. વિસ્તાર માં રહેતી સ્ત્રીઓ તથા કીશોરીઓને ગુડ ટચ, બેડ ટચ, સાયબર ગુન્હાઓ, ઘરેલુ હીંસા તથા મહીલાઓ પર આચરવામાં આવતા અત્યાચાર સામે કાનુની રક્ષણ કેવી રીતે મેળવી શકાય, તથા પોલીસ હેલ્પ લાઈન નં.૧૦૦ તથા મહીલા અભયમ હેલ્પલાઈન નં.૧૮૧ તથા પોલીસ બેઈઝ સપોર્ટ સેન્ટર તથા પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવી તમામ ટેબલોની કામગીરી અંગે સમજ કરી માર્ગદર્શન આપેલ.

(૨) તા.૧૫/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૧/૨૦૨૧ દરમ્યાન હાર્બર મરીન પો.સ્ટે. ના" She " ટીમના કર્મચારીઓ દ્વારા ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ " સમજ કી સ્પર્શ " બાબતે ધરમપુર પાટીયા પાસે ચારણના દંગામાં રહેતી મહીલાઓ તથા બાળકોની મુલાકાત લઈ યુ ટ્યુબ માંથી વીડીયો બતાવી "ગુડ ટચ " " બેડ ટચ " અંગે જરૂરી માર્ગદર્શન આપી કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા કોઈ વસ્તુ, ચોકલેટ, નાસ્તો કે અન્ય કોઈ ચીજવસ્તુ આપી ખોટી લાલચ આપવામાં આવે તો ભરોસો નહી કરવા સમજ કરી જરૂરી માર્ગદર્શન આપેલ.

(૩) તા.૧૫/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૧/૨૦૨૧ દરમ્યાન હાર્બર મરીન પોલીસ સ્ટેશનના " She " ટીમના કર્મચારીઓ દ્વારા સુભાષનગર વિસતારમાં આવેલ અમર સાગર દંગામાં તેમજ જાવર વિસ્તારમાં આવેલ હીરાવતી કંપનીમાં કામ કરતી મહીલાઓની મુલાકાત લઈ કામકાજના સ્થળે થી આવવા-જવામાં કોઈ પણ જાતની હેરાનગતી હોય તો પોલીસ હેલ્પ લાઈન નં.૧૦૦માં જાણ કરવા સમજ કરી જરૂરી માર્ગદર્શન આપેલ. તેમજ સુભાષનગર તથા કુછડી ગામમાં સીનીયર સીટીઝનની મુલાકાત લેવામાં આવેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૧૫/૧૧/૨૦૨૧ થી તા.૨૧/૧૧/૨૦૨૧ સુધી હાર્બર મરીન પો.સ્ટે. ના અધિકારી/કર્મચારીઓ દ્વારા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગ દરમ્યાન કોવીડ-૧૯ ના સંક્રમણને ધ્યાને લઈ ૪૨ માસ્કનું વિતરણ કરવામાં આવેલ. લોકોને કોવીડ-૧૯ બાબતે સરકારશ્રીએ બહાર પાડેલ ગાઈડ લાઈનનું પાલન કરવા અને કોવીડ-૧૯ બાબતે જરૂરી તકેદારી રાખવા સમજ કરેલ.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર